# કંઈક તો કહે – પ્રતીક્ષાને

સદા દરરોજ સવારે
અંધારાની કૂખમાંથી બહાર આવવું
તપવું, લાલચોળ થવું, ઓલાવું અને મરી જવું!

સૂરજ
તું દરેક યોનિમાં સૂરજ જ કેમ છે?
હજી કેટલાં જન્મજન્માંતરો સુધી
ચાલશે આ નિર્વિઘ્ન ક્રમ
કદી નથી કોઈ વ્યતિક્રમ!

તું જાણી જ નહીં શકે
તેને, જે કદી ન તારી સામે આવી
ન સપનામાં
રાત.

તે આખી રાત અંધારામાં સ્મરણ કરે છે તારું
બેસી રહે છે તારી પ્રતીક્ષામાં
નથી તે જન્મતી
નથી તે મરતી
ચિરંજીવી રાત
મરે જ નહીં તો પામશે કેવી રીતે નવું જીવન
જાણતી જ નથી
જનમ-બાવરી છે.

દરેક સાંજે
ખોળામાં તારો મૃતદેહ લઈ
કરતી રહે છે પ્રાર્થના
બસ.

એક ને એક દિવસ
એ સાવિત્રી બની પાછો લાવશે
આત્મા તારો
જેના વગર તેના પોતાના શરીરનું
કોઈ મૂલ્ય નથી.

તે સ્વર્ણિમ દિવસ ક્યારે આવશે
કંઈ જાણતો હો
તો કહેતો જા, સૂરજ!
કંઈક તો કહે – પ્રતીક્ષાને.

## મૃતકો માટે પરબ

આ લોકો
જેઓ બાંધી રહ્યા છે આંગણાના
લીમડાની ડાળી પર ઠીબું
શીતળ છાંયડામાં

પોતાના તરસ્યા પૂર્વજો માટે
નાનકડી પરબ બનાવી રહ્યા છે
તેમને ખબર જ નથી
અહીં પાણી પાસે ઢૂંકતાં બધાં પંખી
તેમના આત્મીયજન નથી.

એમાંથી કોઈ વૃક્ષના પિતા છે
કોઈ સાપની માસી
કોઈ અળસિયાનો ભાઈ છે
કોઈ વરુનો દીકરો.

એમનામાં પેલો કુંભાર પણ હોઈ શકે છે
જે આ ઠીબના ઠીકરામાં
પોતે બનાવેલા ઘડાને જોવા આવ્યો હોય
અને ફૂટેલો જોઈ
શોકાતુર ચિડાઈને

હમણાં પોતાની પાંખો હલાવતો કૂદી પડશે
ઠીબમાં
જોતજોતામાં
ઉલેચી નાખશે ઠીબનું બધું પાણી
પરસેવાની જેમ
પલળીને ઊડી જશે.

થોડે આગળ જઈને
પોતાના પરસેવાને માટીમાં ભેળવવાની ઇચ્છાથી
ધૂળમાં નહાશે.
લોકો ખુશ થશે
હવે વરસાદ આવવામાં છે
જુઓ, ચકલી માટીમાં નાહી રહી છે.

એવી પણ સંભાવના છે
એમ પણ હોઈ શકે છે ઠીબ બાંધવાવાળા
જાણતા હોય બધું ચોખ્ખેચોખ્ખું
અને તે તરસના ઉપદ્રવથી ડરતા હોય
મૃત-આત્માઓથી નહીં.

આ માટીનું ઠીબ
બાકી બચેલા જીવિત લોકોની ઢાલ છે
તેઓ કરતા રહેશે
પોતાનો બચાવ તેની આડમાં
જ્યાં સુધી તેઓ પંખી બની
ઠીબ પર ના બેસી જાય!

# આડે રસ્તે

રંગ છોડીને ચાલ્યા ગયા છે કેન્વાસ
તેમનું રિસાવું બ્રશથી થયું હશે
તેઓ એવી ફ્રેમમાં રહેવા તૈયાર નહોતા
જેવી સર્જનની વ્યાકુળતા ઇચ્છતી હતી.

રંગોને શોધવા નીકળી છે રેખાઓ
ટપકું, ફેલાઈને વર્તુળ બનવાની
લાલસા રાખી રહ્યું છે
ઇતિહાસની નિરાશાથી બચવા માટે
પરંપરામાં આધુનિકતા ભળવામાં છે.

દઝાડતી ગરમીથી ગભરાઈને દિવેટ
ધીમે ધીમે તેલમાં ડૂબવામાં છે
અર્થ સ્પષ્ટ કરવાની ઉતાવળમાં
કવિતાના ઘરે
શબ્દોની છટણી થઈ રહી છે
અને વિરામચિહ્નોને અપાઈ રહી છે પ્રાથમિકતા.

ક્રોધનો પરિઘ છોડી
ક્ષોભ ચાલી નીકળ્યો છે શાંતિના દ્વારે
મૃત્ય જેનું નિવાસ
હંમેશાં શરીરથી બહાર હતું
તે શરીરની દૂરતા દૂર કરવા આતુર છે.

આ બધી વસ્તુઓ
પોતાનો ચીલો છોડી ચાલવા લાગી છે
આ સમયમાં.
કદાચ, રચે કંઈક નવું
જે જીવન બને!